# સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત

## જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર,રાજપીપળા

**એસ.ટી.બસ ડેપો પાછળ,શ્રી નવદુર્ગા હાઈસ્કુલની બાજુમાં,રાજપીપળા, જિ.નર્મદા.**

E-mail:- dso-sycd-nrmd@gujarat.gov.in, dsdo-narmada@gujarat.gov.in


જા.નં/જિ.ર.પ્ર.કે/રાજ્ય-ખેમકુ ૨૦૨૫/૧૦૫ થી ૧૬૦/૨૦૨૫-૨૬ તા.૨૪/૦૧/૨૦૨૬

પ્રતિ,

જિલ્લા રમત વિકાસ અધિકારીશ્રી,તમામ

જિલ્લા રમતગમત અધિકારીશ્રી,તમામ

ગુજરાત રાજ્ય.

વિષય:- ખેલમહાકુંભ ૨૦૨૫ અંતર્ગત રાજ્યકક્ષાની ઓપનએજ વયજુથ ફૂટબોલ બહેનોની સ્પર્ધાનો વિગતવાર કાર્યક્રમ મોકલવા બાબત.

સંદર્ભ:- માન.ડાયરેક્ટર જનરલશ્રી એસ.એ.જી.ગાંધીનગરના પત્રક્રમાંક:એસએજી/ખેમકું ૨૦૨૫/૨૦૨૫-૨૫ /૪૭૪૪૭ થી ૪૭૫૫૨ તા.૨૪/૧૨/૨૦૨૫

શ્રીમાન,

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ ગાંધીનગર અને સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત,ગાંધીનગર દ્વારા પ્રેરિત અને જિલ્લા રમત વિકાસ અધિકારી નર્મદા અને જિલ્લા રમતગમત અધિકારી નર્મદાની કચેરી દ્વારા આયોજિત ખેલમહાકુંભ ૨૦૨૫ અંતર્ગત રાજ્યકક્ષાની ઓપન એજ વયજુથ બહેનોની ફૂટબોલ સ્પર્ધાનું આયોજન જિલ્લા રમત સંકુલ(ધાબા ગ્રાઉન્ડ), રાજપીપલા,જિલ્લો-નર્મદા ખાતે <u>બહેનોની સ્પર્ધા તા.૦૧/૦૨/૨૦૨૬ થી તા.૦૭/૦૨/૨૦૨૬</u> દરમ્યાન કરવામાં આવનાર છે. જે અંગેની આપના જિલ્લાની એન્ટ્રી આપના ઝોનકક્ષાએ વિજેતા થયેલ પ્રથમ અને દ્વિતિય નંબરની ટીમની એન્ટ્રી તા.૩૧/૦૧/૨૦૨૬ સુધીમાં dsdo-narmada@gujarat. gov.in, dso-sycd-nrmd@gujarat.gov.in ઉપર ઇ-મેઇલ થી બિનચુક મોકલી આપવી તેમજ ખેલાડી/ટીમને જાણ કરી આ સ્પર્ધામાં ભાગ લેવા મોકલવા વિનંતી.

## ખેલ મહાકુંભ ૨૦૨૫ રાજ્યકક્ષા ઓપનએજ ગૃપ બહેનોની ફૂટબોલ સ્પર્ધા કાર્યક્રમ

| ક્રમ | વય જુથ | રિપોર્ટીંગ તારીખ | રિપોર્ટીંગ સમય | સ્પર્ધાની તારીખ | સ્પર્ધા સમય | રીપોર્ટીંગ/સ્પર્ધા સ્થળ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ઓપનએજ (બહેનો) | ૦૧/૦૨/૨૦૨૬ | સાંજે ૦૫:૦૦ કલાક સુધી | ૦૨/૦૨/૨૦૨૬ થી ૦૭/૦૨/૨૦૨૬ | સવારે ૦૭:૦૦ કલાકે | જિલ્લા રમત સંકુલ (ધાબા ગ્રાઉન્ડ), રાજપીપલા, જિલ્લો-નર્મદા |

**ટેક્નીકલ સંપર્ક નંબર :** અનિલ રાઠોડ (નોડલ ઓફિસર ફૂટબોલ બહેનો સ્પર્ધા) – ૮૩૪૭૨૩૯૫૩૯

**સ્થાનિક સંપર્ક :-** અતુલ વસાવા-૮૪૬૯૭૪૪૪૯૮, અશ્વિન વસાવા-૮૭૫૮૪૪૭૦૪૫

## ❖ સ્પર્ધા અંગેની જરૂરી સૂચના

- ખેલાડીઓનું નિયત નમૂનામાં એલીજીબીલીટી ફોર્મ સાથે જે તે શાળાના સહિ સિક્કા તથા જે તે જિલ્લાના જિલ્લા રમત વિકાસ અધિકારીશ્રી અને જિલ્લા રમતગમત અધિકારીશ્રીની સહી સાથેનું ઓરિજનલ એલીજીબીલીટી ૦૧ કોપી સાથે આધારકાર્ડ, જન્મનું પ્રમાણપત્ર અને શાળા બોનોફાઇટ સર્ટીફિકેટ રજુ કરવાનું રહેશે.
- ઓનલાઇન KMK ID નંબરવાળા સ્પર્ધકોને જ સ્પર્ધામાં ભાગ લેવા દેવામાં આવશે.
- ફૂટબોલ રમતમાં વયજુથ મુજબ ૧૬ ખેલાડીઓ + ૧ કોચ + ૧ મેનેજર મોકલવાનાં રહેશે.
- આ સ્પર્ધા ફૂટબોલ એસોશીએશનના નીતિનિયમો પ્રમાણે રમાડવામાં આવશે.
- પ્રવાસ ખર્ચના નાણા મેનેજરના બેંક ખાતામાં RTGS થી ચુકવવામાં આવશે. જેથી કેન્સલ ચેક તથા બેંક એકાઉન્ટની વિગત સાથે લાવવાનું રહેશે, મેનેજરે ખેલાડીઓના આવવા તથા પરત જવાના પ્રવાસ ભથ્થાની વ્યવસ્થા સાથે આવવાનું રહેશે.
- ટીમ સાથે કોચ અને મેનેજર તરીકેના બે વ્યક્તિના જિલ્લા રમત વિકાસ અધિકારીશ્રી અને જિલ્લા રમતગમત અધિકારીશ્રીના સહીવાળા મેનેજર/કોચના ઓર્ડર લઈને આવવાનું રહેશે.
- જે તારીખે જે વયગ્રુપની સ્પર્ધા હોય તેમને જ આવવાનું રહેશે, સ્પર્ધાને અનુરૂપ ગણવેશ પહેરવો ફરજિયાત છે.
- રાજ્યકક્ષાની સ્પર્ધામાં ભાગ લેવા જવા માટે ખેલાડી, કોચ, મેનેજર અને સપોર્ટીંગ સ્ટાફ બસ, રેલ્વે અને અન્ય સરકારી ટ્રાન્સપોર્ટનો જ ઉપયોગ કરવાનો રહેશે. (ટ્રાન્સપોર્ટની જવાબદારી ખેલાડીઓ તેમજ કોચ/મેનેજરશ્રીની પોતાની રહેશે, જેના માટે અત્રેની કચેરી જવાબદાર રહેશે નહી)
- બસ, રેલ્વે અને અન્ય ટ્રાન્સપોર્ટમાં જો મુસાફરી કરી ન હોય તેવા સંજોગોમાં આયોજક તરફથી પ્રવાસ ખર્ચ આપવામાં આવશે નહી.
- જિલ્લામાંથી જતી ટીમ સાથે ખેલાડી, કોચ અને મેનેજર સિવાય અન્ય કોઇપણ બિન અધિકૃત વ્યક્તિને ટીમ સાથે લઇ જઇ શકશે નહી.
- સ્પર્ધા સ્થળે શિસ્તબંધ રીતે વર્તવાનું રહેશે અશિસ્ત કરનાર વ્યક્તિ કે ટીમને સ્પર્ધામાંથી બાકાત કરવામાં આવશે.
- સ્પર્ધા દરમ્યાન પસંદગી સમિતિનો નિર્ણય આખરી ગણાશે.
- જિલ્લામાંથી સ્પર્ધા સ્થળે તથા સ્થળથી પરત ફરી પોતાના નિવાસ સ્થળે પહોંચ્યાંની જાણ વાલી તથા મેનેજર ધ્વારા સબંધિત આયોજક ને ટેલીફોનીક/લેખીત કરવાની રહેશે.
- સ્પર્ધા લીગ મેચ પદ્ધતિથી રમાડવામાં આવશે જેની ખેલાડી/કોચ મેનેજરે નોંધ લેવાની રહેશે.
- ખેલાડીઓને રીપોર્ટીંગ કર્યા બાદ નિવાસ ફાળવવામાં આવશે. નિવાસ સ્થળે ડિપોઝિટ જમા કરાવવાની રહેશે, સ્પર્ધા પૂર્ણ થયા બાદ ડિપોઝિટ પરત કરવામાં/લેવાની રહેશે. અને સ્પર્ધા પૂર્ણ થયેથી તાત્કાલીક નિવાસ છોડવાનો રહેશે.

જિલ્લા રમતગમત અધિકારી
નર્મદા

જિલ્લા રમત વિકાસ અધિકારી
નર્મદા

**નકલ રવાના સવિનય જાણ સારૂ.**

(૧) માન. ડાયરેકટર જનરલશ્રી, સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર
(૨) માન. કલેકટરશ્રી, નર્મદા
(૩) માન. જિલ્લા વિકાસ અધિકારીશ્રી, નર્મદા
(૪) માન. જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી, નર્મદા
(૫) માન. સચિવશ્રી, સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર

(૬) માન. મુખ્ય કોચશ્રી, સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર

(૭) માન.સચીવશ્રી, રાજ્ય રમતગમત પરિષદ, સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર

(૮) માન. ટીમ લીડર (ખેલ મહાકુંભ શાખા), સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર

(૯) માન. જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, નર્મદા

(૧૦) માન. જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, નર્મદા

(૧૧) માન.જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, નર્મદા (સ્પર્ધા સ્થળે મેડીકલ અને ૧૦૮ની ટીમ ઉપસ્થિત રાખવા માટે)

(૧૨) માન.નાયબ માહિતી નિયામકશ્રી, નર્મદા ( સ્પર્ધાની બહોળી પ્રસિધિ કરવા સારૂ.)

(૧૩) માન. પ્રમુખશ્રી/ મંત્રીશ્રી, ગુજરાત રાજ્ય ફૂટબોલ એસોશિએશન

(૧૪) માન. નોડલ અધિકારીશ્રી/હેડ કોચશ્રી ભાઇઓ-બહેનો ખેલ મહાકુંભ ૨૦૨૫ ફૂટબોલ સ્પર્ધા

(૧૫) માન.પ્રમુખ/મંત્રીશ્રી, જિલ્લા વ્યાયામ શિક્ષણ સંઘ, નર્મદા